પ્રકાશક.

માસ્તર નાનાલાલ મગનલાલ.

રીચીરોડપર—અમદાવાદ.

ૐ

હિપનોટીઝમ.

અમદાવાદ.

શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસ, પાંચકુવા નવાદરવાજા.

કીમ્મત ૦-૪-૦.

હિપનોટીઝમ.

આ દુનિયામાં હાલમાં હિપનોટીઝમ શિખવવાને ઘણા લોક બ્હાર પડ્યા છે, પણ અમે ખાત્રીથી કહીએ છીએ, અને તમને પણ અનુભવ થતાં ખાત્રી થશે કે અમારો શિખવવાનો રસ્તો એવો છે કે જીજ્ઞાસુને સામાન્ય અક્કલની મદદથી લોકો ઉપર હિપનોટીઝમના હેરત પમાડનારા અખતરાઓ કરતાં શિખવશે. બીજાઓ હિપનોટીઝમ શિખવે છે તેમાં પ્રથમથીજ સામા માણસને ઉંઘમાં નાંખવાનું કહે છે આ રસ્તો મુસ્કેલ છે. કારણ કે પહેલેથીજ તમને વિધેય મળવો એ કામ કાંઇ સ્હેલું નથી. કારણ કે બેભાન સ્થિતિમાં જવાને લોકોને ભય હોય છે. કારણ કે ઉંઘમાં પડ્યા પછી તમે તેને જાગૃત કરી શકશો કે કેમ તેની તેમના મનમાં શંકા રહે છે.

અમે જે રીતે તમને શિખવીએ છીએ તેમાં પ્રથમથીજ તમારે વિધેયને ઉંઘમાં નાંખવાનો નથી, પણ સામાન્ય અખતરા કરવાના છે. સાધારણ અખતરાથી તમારામાં હિપનોટીઝમ કરવાની શક્તિ છે એવી વિધેયને ખાત્રી થાય છે, અને તમને પણ નાની બાબતોમાં ફતેહ મળવાથી તમારા બળમાં વિશ્વાસ આવે છે. પ્રથમથી તમે ઉંઘમાં નાંખવાનો પ્રયત્ન કરો અને તેમાં ન ફાવો તો તમેજ હીંમત હારી જાઓ, અને ફરીથી પ્રયોગ કરવાનું મુકી દો; અને જ્યારે નાના નાના અખતરામાં તમને ફતેહ મળતી જાય ત્યારે હિપનોટીઝમથી ઉંઘ લાવવા જેવા ગંભીર અખતરાઓ પણ તમે બે

ધડક કરી શકો. ઘણા ખરા શિક્ષકો પ્રથમ હાથ ચોંટાડી દેવાનું શિખવે છે. પણ હાથ ચોંટાડી દેવામાં વિષયને ઉંઘમાં નાંખવાની કાંઇ પણ જરૂર નથી. તમે જેના હાથ ચોંટાડી શકયા તેને તમે ઉંઘમાં નાંખી શકશો જ એવું ચોકસ કહી શકાય નહિ. પણ વચમાં અખતરાઓ કરતે કરતે તમે એવી સ્થિતિપર આવો કે જ્યારે ઘણાજ થોડા સમયમાં તે વિષયને ઉંઘમાં નાખી શકો. પ્રથમથીજ બધાને બેભાન સ્થિતિમાં લાવવા પ્રયત્ન કરવો એ અક્કલ અને સાધારણ સમજથી પણ વિરૂદ્ધ છે. એક સાધારણ દાખલો લેઇ તમને આ બાબત સમજાવીએ. તમે કોઇ અજાણ્યા માણુસ પાસે જઈ એકદમ દશ હજાર રૂપીઆ ઉછીતા માગતા નથી. પણ પ્રથમ તો તેવા કાર્ય માટે તમે તેની સાથે ઓળખાણ કરશો, વાતચિત કરશો, ધીમે ધીમે, થોડા રૂપીઆ ઉછીના લઇ જશો, થોડા વખત પછી તે પાછા આપશો, પછી વધારે લઇ જઈ પાછા આપશો એમ વહેવાર બંધાશે અને ધીમે ધીમે તમે દશ હજાર રૂપીઆ ઉછીના માગશો તોપણ મળશે. આજ નિયમ આ બાબતને લગાડશો તો બધી બાબત સમજાઇ જશે.

હિપ્નોટીઝમની ખરી શક્તિ પ્રયોગ કરવાથીજ મળી શકે છે. માટે નાની બાબતથી પ્રયોગ કરતાં શિખવવું એજ અમારી પ્રમાણીક અને સ્હેલી યુક્તિ છે, અને આ રીતે શિખતાં તમે સામા માણુસને ઉંઘમાં નાંખ્યા સિવાય તેનાપર અસર કરી શકશો, અને આ યુક્તિનો લાભ તમને બહુજ હિતકારી થશે. બીજા શિક્ષકો શિખવે છે કે ઉંઘમાં નાંખ્યા સિવાય આ પ્રયોગો થઈ શકેજ નહિ, પણ અમારૂં માનવું તેમના તે મતથી જુદી તરેહનું છે અને તેથીજ અમારી રીતે જે માણસો શિખે છે તેઓ બહુજ હોંશીઆર નીવડે છે, અને એકજ

વખતે ઘણા માણસો પર પ્રયોગ કરવાને શક્તિવાન થાય છે. કારણ કે તેઓ ક્રમે ક્રમે શિખેલા છે. અને જેઓ એકદમ મોટી ફલંગ મારવા જાય છે, તેઓના પગ ભાગ્યા વગર રહેતાજ નથી.

હિપ્નોટીઝમ શિખનારામાંના ઘણા ખરા તેના છુપા તત્વને સમજી શકતા નથી. કારણ કે તે બાબતના શિક્ષા ગુરૂઓ પોતાની મહત્વતા અને કીર્તિ જાળવવાને તે શિષ્યોને ઉદારતાથી આપતા નથી. અને તેથી તેના શિષ્યો કેટલીકવાર ફતેહમંદ થાય છે, અને કેટલીવાર નિષ્ફળ પણ જાય છે. પણ જે રીત અમે શિખવવા માગીએ છીએ તેમાં પ્રવીણ થયેલા માણસો કલબો અને ખાનગી કે જાહેર મેળાવડાઓમાં પ્હેલાંથી તૈયાર નહિ કરેલા ગમે તેવા પાત્રો-વિષયો પાસે પ્રયોગ કરાવી શકે છે, અને ફતેહમંદ નીવડે છે.

અમારે આટલું તમારે પોતાને વાસ્તે લખવું પડયું છે તેનું કારણ એજ છે કે અમે જે રીતો બતાવીએ તે રીતો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી વર્તશો તો અમે કહેલું ફળ તમે પણ મેળવી શકશો. અમે આ વિદ્યાનો લાભ લેનારાથી કાંઈ પણ ગુપ્ત રાખતા નથી. કારણ કે અમારી પાસેથી જ્ઞાન લેનારાઓએ કરેલા પ્રયોગથી જે કીર્તિ તેમને મળશે તે અમનેજ મળી છે એમ અમે માનીએ છીએ. અને તેથી અમે ખુલ્લા દિલથી સર્વ બાબત જણાવીશું.

આ વિદ્યા શિખનારાઓએ ધ્યાનમાં લેવા યોગ્ય બહુજ ઉપયોગી સુચનાઓ.

આ સૂચનાઓમાંની એક પણ એક ક્ષણ પણ ભૂલશો નહિ. નિરંતર તેમનું ચિંતવન કરશો. કારણ કે તે સૂચનાઓ સર્વ સામાન્ય હોવાથી દરેક પ્રયોગ વખતે તમને ઉપયોગી થઈ પડશે.

૧. કોઇ પણ માણુસ ઉપર તમે અખતરો કરો તે અગાઉ તે કેવી રીતે કરવાનો છે તેની બરાબર માહીતી મેળવજો: કારણ કે પ્રયોગ કરતી વખતે તમે અટકશો કે અચકાશો અને વિચાર કરવા માંડશો કે હવે આગળ શું કરવું તો તમે વિષય ઉપર કદાપિ ધારેલી અસર કરી શકશો નહિ એ ચોક્કસ માનજો. જેમ તમારા ધંધામાં તમે પ્રવીણતા મેળવો છો તેમ તેમાં કાળજી રાખી કાબેલ થાઓ. તમારે આ પ્રયોગનો એવી રીતે આરંભ કરવો કે સામા માણુસના મનમાં ખાત્રી થાય કે તમે તમારૂં કામ ઘણી સારી રીતે કરી જાણો છો.

૨. તમે પ્રથમ પ્રયાસેજ—પ્રયત્નમાં ફાવશો એમ ચોક્કસ કહી શકાય નહિ. કારણ કે હીપનોટીઝમનો પ્રયોગ હાલ જે લોકો ફતેહમંદ રીતે કરે છે તેઓ પણ અગાઉ તમારા જેવાજ શિખાઉ હતા, અને ઘણો અનુભવ મેળવીને હાલની સ્થિતિએ પહોંચ્યા છે, અને તમે પણ તે સ્થિતિએ પહોંચશો એવો તમારા હૃદયમાં ચોક્કસ નિશ્ચય રાખજો. આ કામમાં કદાચ પ્રથમ નિષ્ફળ જાઓ તો તે મુકી દેતા નહિ. "Try again" "**ફરીથી પ્રયત્ન કરો**" એ શિખામણ કદાપિ તમારા અંતઃકરણમાંથી ભુલી જતા નહિ. પાંચ દશ માણસપર ન ફાવો તો પચીસ માણુસ ઉપર અજમાવો. અને પચીસમાંથી એકાદ જણ ઉપર તો તમે અસર કરી શકશો. પણ આ કામમાં ખંતીલાપણાનો જરા પણ ત્યાગ કરતા નહિ. આગળ જે રીત બતાવવામાં આવશે તેમાંની દરેકે દરેક સૂચનાને બરાબર હૃદયમાં ઉતારી તે પ્રમાણે ધીરજ અને વિશ્વાસથી પ્રયોગ કરશો તો ખચીત ફાવશો, અને જ્યાં એક અથવા બે જણ ઉપર પ્રયોગ કરતાં ફાવ્યા એટલે તમારી શક્તિમાં તમને વિશ્વાસ આવશે અને પછી જેટલા ઉપર પ્રયોગ કરશો તેમાંથી સોએ નેવુ ટકા તો ફાવશોને ફાવશોજ.

આમાં પ્રથમ અડચણ પહેલા માણસને હીપનોટીઝમ કરવાની છે, પછી રસ્તો સહેલો થાય છે. ઘણીવાર વિષય આપણી સુચનાઓ પ્રમાણે ન વર્તતો હોય અને જ્યારે આપણે એક બાબતની સુચના તેને આપતા હોઇએ ત્યારે તેનાથી વિરૂદ્ધ બીજી બાબત તે મનમાં ચિતંવતો હોય તો પછી પરિણામ એ આવે કે તમારો પ્રયોગ નીષ્ફળ જાય. માટે કદાચ પ્રથમ પ્રયોગમાં નિષ્ફળ જાઓ તો વિષય તમારી સૂચના પ્રમાણે વર્તતો હતો કે નહિ તેની ખાત્રી કરવી.

કેટલીકવાર અમારી સૂચનાઓ તમારા ધ્યાનમાં બરાબર ન આવી હોય અને તેથી તમે ઉલટી રીતે વર્તતા હોય તો પછી તેમાં પણ ફતેહ ન મળે તે સ્વાભાવિક છે, માટે અમે જણાવેલી સૂચનાઓ તમે વારંવાર સંભાળપુર્વક તથા ધીમે ધીમે સમજીને વાંચી જાઓ, અને જેવી રીતે તમે બારાખડી અને મૂળાક્ષરથી જાણીતા છો, તેવી રીતે દરેક રીતથી જાણીતા થાઓ. આ પછી તમારામાં નિશ્ચય અને ખંત હશે તો જરૂર તમે ફતેહ મેળવશો. મુસ્કેલી માત્ર શરૂઆતની છે. જ્યાં પ્રથમ તમે ફતેહ મેળવી એટલે તમારી શક્તિમાં તમને વિશ્વાસ આવશે, અને તમે પોતેજ શક્તિવાળા ધીમે ધીમે થશો કે જે જોઇને તમે આશ્ચર્ય પામશો.

સુચનાઓ કેવી રીતે આપવી.

તમારે વિષયને–પાત્રને જે જે સૂચનાઓ કરવાની હોય તે પ્રથમ દૃઢ અવાજથી આપવી, અને તેજ સૂચનાઓ તેને અસર કરી શકશે. બાકી રડતા અવાજે, અથવા ધીમે સાદેથી બોલેલા શબ્દો સામા મનુષ્યપર કદાપી અસર કરી શકશે નહિ. કાંઇક જુસ્સાદાર બોલો દૃઢતાથી બોલો કે જેથી તમારા કહેવાની તેના મનપર ચોક્કસ અસર થાય. જુ-

વાન મનુષ્ય ઉપર આ પ્રયોગ અજમાવ્યા શિવાય તમે તે બાબતમાં સંપૂર્ણતા મેળવી છે એમ કહી શકાય નહિ. કારણ કે જુવાન માણસો ઉપર જે પ્રયોગ કરી શકે છે તે વૃદ્ધ અથવા બાળક ઉપર ઘણી સહેલાઇથી કરી શકે, એ તો સમજાય તેમ છે. કારણ કે બાળકો અને વૃદ્ધ પુરૂષોની મગજ શક્તિ બહુ નિર્બલ હોય છે, તેથી સામા મનુષ્યની તેમના પર ઝટ અસર થાય છે. તમારે આ સાથે એ યાદ રાખવું કે આવા પ્રયોગોમાં બોલીચાલીની સફાઇ હદ બહારની રાખવાની ખાસ જરૂર છે, પણ અમારા શિક્ષણથી આ બાબતો માણસો સહેલથી ગ્રહણ કરે છે, અને થોડા વખતમાં હિપનોટીઝમથી અસર કરી શકે છે. ખરૂં છે કે બધા માણસો અમુકજ વખતમાં તે વિદ્યા મેળવી શકે નહિ. કેટલાકને વધારે વાર પણ લાગે, પણ આખરે તેઓ સારામાં સારા પ્રયોગ કરનારા નીવડે છે. નિષ્ફળ અથવા અશક્ય જેવી વસ્તુ મનુષ્યના આત્મા અને મનના પ્રભાવ આગળ આ જગતમાં છેજ નહિ. માટે પ્રયત્ન અને ખંતીલાપણાની જરૂર છે. જ્યાં મનમાં અમુક બાબત સિદ્ધ કરવી છે એવો ચોકસ નિશ્ચય થયો તો પછી ગમે તેટલું વેઠવું પડે, ગમે તેટલી અડચણો આવે, તોપણ તે નિશ્ચયને વળગ્યા રહેવું, અને નિશ્ચયને વળગી રહેનારને માટે છેવટે વિજય તો છેજ. અને ઉત્તમ પુરૂષોનું લક્ષણજ એ છે કે કોઇ કામ શરૂ કર્યું અને વચ્ચે વિઘ્ન આવ્યું તો વિઘ્નને નહિ ગણકારતાં અને પાછાં પગલાં નહિ ભરતાં દૃઢતાથી તેઓ પોતાના નિશ્ચયને વળગી રહે છે. તેમ તમે પણ ખંતથી આ કામમાં પ્રયત્ન કરશો તો બીજાઓને જેમ આ પ્રયોગથી લાભ મળ્યો છે, તેમ તમે પણ મેળવી શકશો. એ સંબંધી વિશેષ લખવાથી કે ડંફાસ મારવાથી ફાયદો નથી. કસ્તુરીને સોડમને સારૂ સોગન ખાવાની જરૂર નથી.

શરીરમાં રહેલી વિધુત્ શક્તિ.

બીજે પગથીએ ચડો તે પહેલાં પ્રથમ પગથીયાનો સંપૂર્ણ અભ્યાસ કરજો, કારણ કે એકદમ ભુસકો કે કુદકો મારવાથી આગળ વધવાને બદલે પાછા હઠવું પડે છે. શ્રદ્ધા અને ખંતની આ બાબતમાં બહુજ જરૂર છે. જે ડગુમગુ સ્વભાવના છે, અને જેઓનામાં પોતાના આત્મબળ માટે વિશ્વાસ હોતો નથી તેવા પુરૂષો કાંઇ પણ કાર્ય કરી શકયા નથી. દુનિયામાં બેમાંથી એક બાબત બની શકે. કાંતો તમે બીજા ઉપર અસર કરો, અથવા બીજા મનુષ્યો તમારા પર અસર કરે. તમે બીજા પર અખ્તયાર ચલાવશો કે તમારા પર બીજા અખ્તયાર ચલાવશે. તમે કાંતો શેઠ અથવા સ્વામી થશો કે ગુલામ અથવા નોકર થશો; આ બાબત તમારે વિચાર કરવાનો છે. તમારે કોઈ પણ અખ્તયાર ચલવવો હોય તો તે હઠીલાઈથી અથવા બડાઇખોર કે ઉદ્ધત સ્વભાવથી ચલાવી શકશો નહિ. તેને વાસ્તે તો તમારામાં રહેલી આત્મ શક્તિમાં વિશ્વાસ રાખવો તે એક એવી છુપી શક્તિ છે કે જે વડે લોક પર અસર થાય છે, એટલુંજ નહિ પણ આખી આલમના મન વશ કરી શકાય છે. આ શક્તિ પરમાત્માએ કાંઈ અમુકજ માણસોને બક્ષેલી નથી. દરેક માણસમાં તેવી શક્તિ રહેલી છે. તેથી તમે પણ ચોક્કસ ધારો અને પ્રયત્ન કરો તો જે શક્તિ બીજા પ્રાપ્ત કરી શક્યા છે તે તમે પણ મેળવી શકો! ફતેહ પામીશ એવો નિશ્ચય કરી મનને એકાગ્ર કરો તો જરૂર તમે ફતેહ પામશો. જે માણસો અર્ધા અંતઃકરણથી કામ શરૂ કરે છે અથવા ઉપલક કમ કરે છે તેઓ ફતેહ પામતાં નથી એટલુંજ નહિ પણ પોતાની અર્ધી વાપરેલી શક્તિ નકામી ગુમાવી દે છે. માટે જો આ પ્રયોગો કરવા ધારો

તો તે ખરા મનથી શરૂ કરો અથવા બિલકુલ પ્રયોગનો આરંભજ કરતા નહિ. પણ અર્ધા મનથી કરતા નહિ, કારણ કે તેમ કરવાથી તમને ફતેહ મળશે નહિ, અને તેથી આખરે અમારી પ્રયોગ કરવાની રીતને તમે બદનામી દેશો. તમારામાં વિદ્યુત્ શક્તિની જેટલી વધારે ખામી તેટલી આ શક્તિ મેળવતાં વધારે મહેનત પડશે એ ધ્યાનમાં રાખવું જોઇએ. અમારી રીતો અને સુચનાઓ સંબંધી અમે એવી ચોખ્ખી રીતે લખાણ કરેલું છે કે તેમાં કોઇપણ પ્રકારની ખામી કે ગુંચવણ રહેલી નથી. શરીરમાં રહેલી વિદ્યુત્ શક્તિ આ પ્રયોગ કરતાં કેવી રીતે અમલમાં મુકાય તેજ બાબત અમે ખુલ્લી રીતે દર્શાવીએ છીએ. આ બાબત એવી નથી કે વિદ્વાનો જ અને અમુક શક્તિવાળાજ શિખી શકે. જે આ વાંચી શકે તે શિખી શકે. કારણ કે વિદ્યુત્ શક્તિથી તો અભણ માણસો પણ આ રીતે પ્રયોગ કરવા સમર્થ થયા છે એમ અમે સંપૂર્ણ ખાત્રીથી કહીએ છીએ.

તમે આ વિદ્યાનો આરંભ કરો છો ત્યારથીજ નવા ક્ષેત્રમાં દાખલ થાઓ છો. આ વિદ્યાથી તમારા જીવનનું સ્વરૂપજ બદલાઇ જશે, અને તમે જે ધંધા કરશો તે દરેકમાં ફાવશો. દુનિયામાં ઘણા એવા પુરૂષો માલૂમ પડે છે કે જેમનામાં મનની અને શરીરની શક્તિઓ હોય છે, પણ તેઓ બીજા મનુષ્યના ચ્હેરાની ભવ્ય મુદ્રા આગળ અંજાઈ જાય છે. અને સામા મનુષ્યને અસર કરી શકતા નથી. આ તેમની નિર્બળતા અથવા કાયરતા એજ તેમને ફતેહ મેળવવામાં મોટા વિઘ્નરૂપ થાય છે. માટે આ વિદ્યા તમે જરૂર ખંતથી અને ઉત્સાહથી ધ્યાન રાખીને શિખજો.

આ વિદ્યાથી એક માણસ બીજાને કેવી અને કેટલી અસર

કરી શકે તેનું સંપૂર્ણ જ્ઞાન થાય છે. તેમજ સામા મનુષ્યના મન ઉપર કેવી રીતે અસર કરવી અને તેનું મન પોતાને વશ કરી લેવું તે સહજ સમજાય છે. કારણ કે શરીરમાં વ્યાપી રહેલી આત્માની વિદ્યુત્ શક્તિનો પ્રભાવજ અપૂર્વ છે.

અગત્યની નજીવી બાબત.

અમે જે પાઠ આપવાના છીએ તેમાં ઘણી બાબતો એવી આવે છે કે જે તમને બહુજ સાધારણ અને સાદી લાગશે, અને તેથી તમારા મનમાં શંકા થશે કે આવી નજીવી અને સામાન્ય બાબતોથી બીજાના મનને વશ કરવા જેવી મોટી બાબતો થઈ શકશે કે કેમ ? પણ જે બાબતનો તમને અનુભવ નથી તે બાબત ઉપર અભિપ્રાય આપવો એ અણઘટતું છે. અમારી રીતનો ઉપયોગ કરો, અમે ખાત્રીથી કહીએ છીએ કે તે સાદી જણાતી રીતોથી પણ તમે બહુજ પ્રવીણતા મેળવી શકશો. જે લોકો ગુરૂના વચનપર પૂર્ણ વિશ્વાસ રાખતા નથી તેઓ ફતેહ પામતા નથી. માટે દઢ વિશ્વાસ રાખીને વર્તો એટલે જરૂર તમે ફતેહ પામશો.

ખાસ ચેતવણી—કોઈ માણસ ઉપર લાંબો વખત ટકી રહે તેવી અસર તમે કરવા માગતા હો તો તમારે તેના પર એવી અસર કરવી કે તમે તેનાપર કોઈ પ્રકારની અસર કરો છો એવો તેના મનમાં વ્હેમ સરખો પણ ઉત્પન્ન થવા દેવો નહિ. લોકો ઉપર સત્તા ચલાવવામાં કળાનો ઉપયોગ કરો, માણસોના અંતઃકરણ વાંચતાં શિખો, માણસમાં અમુક વિચાર મુખ્ય હોય છે ત્યારે તેના ચ્હેરા ઉપર શી અસર થાય છે તે પારખતાં શીખો. કારણ કે બે આંખો અને ચ્હેરા ઉપર હ્રદયમાં રહેલા વિચારોની છાપ ઝટ પડે છે, માટે મનુષ્યના સ્વભાવનો અભ્યાસ કરો. કોઇ પણ

બે માણુસો એક સરખાં હોતાં નથી. તેથી જે રીત એક માણુસ ઉપર ફાવી તે બીજા ઉપર પણ ફાવશે એમ ચોક્કસ કહી શકાય નહિ. પણ અમારી વિદ્યાથી તમારી શક્તિ એટલી બધી વધશે કે જો તમારામાં સહેજ પણ કળા અને મનુષ્ય સ્વભાવનું જ્ઞાન હશે તો દરેક માણુસ પર તમે અસર કરી શકશો. આ બાબતમાં જેમ અભ્યાસ વધારે તેમ માણુસ વધારે કાબેલ, અને તેટલા પ્રમાણુમાં તે બીજાને વધારે સહેલાઇથી અસર કરે એમ છે.

વિદ્યુત્ શકિત ખીલવવાના પ્રયોગો

આપણે ઉપર જણાવી ગયા કે શરીરમાં રહેલી વિદ્યુત્ શકિતના પ્રભાવવડે સર્વ પ્રકારના અખ્તરાઓ થઇ શકે છે. તો પછી તે શક્તિ કેવી રીતે ખીલવવી તે જાણવું બહુજ જરૂરનું છે. અને તેને માટે અમે કેટલાક સારા પ્રયોગો ગોઠવ્યા છે. એ ચાર પ્રયોગો બહુજ ન્હાના છે પણ જો તમે તેમાં સંપૂર્ણ કુશળતા મેળવશો તો ચોક્કસ માનજો કે બીજા બધા અઘરા પ્રયોગોમાં તમે ફતેહમંદ થશો. કારણ કે આ ચાર અખ્તરાથી તમારા શરીરમાં રહેલી આત્માની વિદ્યુત્ શક્તિ આથી ઘણીજ ખીલશે, અને હીપ્નોટીઝમ વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન આવે તે વખતનો સવાલ રહેશે. ઘણા વિદ્યાર્થિઓને એવી ટેવ પડી ગયેલી હોય છે કે એક પાઠ પુરો કર્યા સિવાય અથવા તેને સંપૂર્ણ અજમાયેશમાં મુકયા સિવાય આખો ગ્રંથ વાંચવા દોરાય છે. પણ આ બાબતમાં તેમ કરવું એ લાભકારક નથી. કારણ કે આગળના પ્રયોગો એવા સખ્ત છે કે તે જો તમારા વાંચવામાં આવે તો તમારા મનમાં એમ થાય કે હું તે કરી શકીશ નહિ, તમારી હીમત ભાગી જાય, તમારૂં હ્રદય બળ ઘટી જાય, અને તમારી શક્તિમાં તમને વિ-

શ્વાસ રહે નહિ અને તેથી ન્હાના ન્હાના પ્રયોગો કરવાની પણ્ત મારી હિંમત ચાલે નહિ. પણ અમારા જણાવ્યા પ્રમાણે ક્રમવાર અખ્તરાઓ કરો તો જેમ જેમ ન્હાનો ન્હાનો અખ્તરો તમે સિદ્ધ કરો તેમ તેમ તમારી શક્તિમાં તમને વધારેને વધારે વિશ્વાસ આવે, અને આખરે મોટા પ્રયોગો પણ કરી શકો. માટે શરૂઆત તો અમે જે રસ્તો બતાવીએ તે રસ્તેજ કરવી. અને તમે ફતેહ પામશો એ બાબત જરા પણ મનમાં વ્હેમ કે શંકા આણુશો નહિ.

ચાર અખ્તરાઓ.

આ ચાર અખ્તરાઓનો આરંભ તમે અનુક્રમવારજ કરજો. જ્યાં સુધી પ્રથમ અખ્તરામાં પુરેપુરી ફતેહ મળે નહિ, અને તમે તે ગમે તેવા સંજોગોમાં કરી શકશો એવી તમારા મનથી ચોક્કસ ખાત્રી થાય નહિ ત્યાં સુધી બીજા અખ્તરાનો આરંભ કરશો નહિ. આ અખ્તરા કેવા સાદા છે કે મહત્વતાવાળા છે તે વિચારવાનું કામ તમારૂં નથી, તે કામ તો અમારૂં છે. અને જ્યારે આ પ્રમાણે પ્રયોગ કરતાં ગંભીર પ્રયોગો કરવા શક્તિમાન થશો ત્યારે તમને જણાશે કે આવા ન્હાના અખ્તરા કરવાનો શો હેતુ હતો. જે માણસ ' એકડો આમ કેમ લખવો અને તેમ નહિ ' એમ ગુરૂ સાથે વાદવિવાદ કરે તે કદાપિ ભણી શકે નહિ. તેમ આ અખ્તરો આવો સાદો કેમ ? એમ મનમાં શંકા લાવી અમારા કહેવા પ્રમાણે વર્તે નહિ તે કદાપિ સિદ્ધ પામી શકે નહિ. પહેલા ત્રણ અખ્તરામાં સંપૂર્ણ કાબુ મેળવ્યા સિવાય કદાપિ ચોથાનો આરંભ કરશો નહિ. ઉપર જણાવ્યા પ્રમાણે પ્રથમથીજ આખી ચોપડી વાંચી જવાની બિલકુલ જરૂર નથી.

જે જે મનુષ્યો તમારા સંબંધમાં આવે તેમનાપર આ પ્રયોગો

અજમાવતા જાઓ. પ્હેલા માણુસ ઉપર ના ફાવો તો કદી હીમ્મત હારી જતા નહિ. તમે પ્રયત્ન કરો અને અમે ખાત્રીથી કહીએ છીએ કે જરૂરા જરૂર ફાવશો. કારણુ કે પ્રયોગો વારંવાર કરવાથી તમને અખતરા કરવાની કળ-ઢબ આવડશે, અને બીજા અખતરાઓ જલ્દીથી અને સ્હેલાઇથી કરી શકશો.

પ્રથમ પ્રયોગ.

સ્નાયુઓને શિથિલ કરવાનો.

હાથને આંગળી ઉપર રાખી આરામ આપવા બાબત.

આ પ્રથમ અખતરો સ્નાયુઓને શિથિલ કરવાનો, એટલે સ્નાયુઓમાંથી પ્રાણુશક્તિ ખેંચી લેવાનો છે. તમે જેના સંબંધમાં આવો તેનાપર આ પ્રયોગ અજમાવી શકો. એકજ વખતે ઘણાં માણુસોપર આ અખતરો અજમાવી શકાય; અને તે બહુ સારી રીત છે. આ દુનિયામાં એવા ઘણા માણુસો છે કે જેને પોતાના સ્નાયુઓને શિથિલ કરતાં આવડતુંજ નથી.

દાખલા તરીકે ડૉકટરને તમારૂં ગળું તપાસવાનું હોય, અને તે વખતે તમારી જીભને અંદર વાળવાને કહે તો તમને તે આવડતું નથી, અને તેથી ડૉકટરને પોતાના એકાદ ઓજારથી તેને અંદર હડસેલવી પડે છે. આનું કારણુ એ છે કે આપણુને જીભના સ્નાયુઓને શિથિલ કરતાં આવડતું નથી. સ્નાયુઓ હમેશાં તંગ અને ખેંચેલા રહે છે, તેથી માણુસો બહુ મજુરી કર્યા સિવાય પણુ થાકી જાય છે. જેમ આખો દિવસ મન કામ કરવાથી મગજ થાકી જાય છે, તેમ સ્નાયુઓ તંગ રહેવાથી, અને તેમને શિથિલ કરવાની ક્રિયા કોઇને

નહિ આવડવાથી સ્નાયુઓ થાકી જાય છે. જે માણસને સ્નાયુ ઢીલાં કરતાં આવડે છે તે બીજા મનુષ્યને જેમને આ ક્રિયા કરતાં નથી આવડતી તેના પ્રમાણમાં વધારે થોડા સમયમાં આરામ-વિશ્રાંતિ મેળવે છે. આ બાબતોનો માણસોએ પ્રયત્ન કર્યો નથી, તેમજ આવી બાબતોના સમજાવનાર મળ્યા નથી તેથી આ નવાઈ જેવી બાબત લાગે છે, પણ થોડો વખત તમે તેનો અનુભવ કરશો કે ગમે તેવો થાક લાગ્યો હશે તે ઘણાજ થોડા સમયમાં આ રીતે ઉતરી જશે. કેટલાકને તો આ રીત સ્હેજ આવડે છે. કેટલાક થોડી મીનીટમાં શિખી શકે છે, અને કેટલાકને આ શિખતાં કેટલાંક અઠવાડીયાં પણ પસાર થાય છે.

તમારે પ્હેલો અખતરો તમારી જાતપર અજમાવવો. આરામ મેળવવાને માટે તમારા સ્નાયુઓને ઢીલાં અને શિથિલ કેમ કરવાં એ જાણવું ઘણું જરૂરનું છે. હિપનોટીઝમ અથવા બીજાના મનપર અસર કરવાની વિદ્યા-આ પ્રયોગ તમને ન આવડતો હોય તોપણ-તમે શિખી શકો. પણ આ જાણવાથી તમને બહુજ મોટો ફાયદો છે. તેથી તમારૂં ચિત્ત ભટકતું અટકશે, અને તમારી જીંદગી લંબાશે. જેમ સંચા જેવી જડ વસ્તુને પણ બીજા દિવસે કામ કરી શકે તે વાસ્તે આરામની જરૂર છે. તો પછી મનુષ્યને કેમ ન હોય? કોઈ કહેશે કે ઉંઘથી આરામ મળે છે. આ વાત ખરી છે. પણ જેના સ્નાયુઓ તંગ હોય છે તેમને ઉંઘ લેવા છતાં જોઇતો આરામ મળતો નથી, અને તેથી ઉંઘ પછી જાગેલા ઘણા માણસો થાકેલા માલુમ પડેછે. આ બાબત તપાસ કરતાં તમને ખરી લાગ્યા વિના રહેશે નહિ. કારણ કે સ્નાયુઓ તંગ થવાથી શરીરને બહુજ ઘસારો પહોંચે છે અને તેથી શરીર થોડા સમયમાંજ નાશ પામે છે.

પ્રથમ પ્રયોગ કેમ કરવો ?

જ્યારે તમારા મિત્રોમાં બેઠા હોય ત્યારે ઉપરના વિષયની વાત કરવી, અને કહેવું કે તમારામાંથી કેટલા જણ પોતાના અંગને ઢીલાં કરવાની વિદ્યા જાણે છે તેની તપાસ કરવાને આપણે એક અખ્તરો કરીને તપાસીએ.

જે જે મિત્રો તે વખતે મંડળમાં બેઠા હોય તેમને ડાબો હાથ જમણી આંગળી ઉપર મુકવા કહો. તમારા હાથનું પુરે પુરૂં વજન આંગળી ઉપર મુકજો એમ કહો. અને આંગળીજ હાથનો ટેકો હોય તેમ ગણવાને કહો, આટલુંજ કરવાનું કહ્યા પછી તે એકઠા થયેલા સર્વેને પુછવું કે હાથનું સઘળું વજન આંગળી ઉપર આવ્યું હોય એમ કર્યું છે ? શું તમારા હાથને પ્રાણ રહિત નિર્જીવ કરી નાંખ્યો છે? તેઓ હા કહેતો તેમને કહેવું કે હું એક બે કે ત્રણ કહું એટલે તમારી આંગળી ખસેડી નાંખજો. જો તેઓએ હાથના સ્નાયુઓને ઢીલાં–શિથિલ કર્યાં હશે તો જ્યારે આંગળી ખશેડી કે તરતજ ડાબો હાથજ ખોળામાં કે જમીનપર લાકડાના ઢીંમચાની પેઠે હેઠો પડશે. તમે એકાદ ચોપડી તમારી આંગળી ઉપર મુકી હોય અને તે આંગળી તમે એકદમ ખસેડી લ્યો તો તરતજ તે ચોપડી જડ હોવાથી જમીન પર પડશે; તેમજ તમે જે માણસોને આ પ્રયોગ અજમાવવાનું કહ્યું તેઓને પોતાના સ્નાયુઓ શિથિલ અને જડ જેવાં કરતાં આવડતું હશે તો આંગળી ખસેડી લેતાંની સાથેજ હાથ જમીન પર પડશે. અને જો નહિ આવડતું હોયતો હાથ સ્હેજ નમેલો લટકશે પણ જમીન પર પડશે નહિ.

તમે ત્રણ ગણો તે વખતે આ બધા વિધિયોના હાથ નીચે ન પડે તો એમ ખચિત માનવું કે તેમને તેમના સ્નાયુઓ શિથિલ ક-

રવાની વિદ્યા આવડી નથી અને તેમને શિથિલ કરવાનું સમજાવવું, અને જે લોકો પ્રથમ નિષ્ફળ ગયા હોય તેમને ફરીથી પ્રયોગ કરવાને કહેવું. બીજી અજમાયેશ વખતે પ્હેલાં કરતાં વધારે માણસો આ પ્રયોગમાં સફળ થશે. ડાબો હાથ હડસેલવાની કે નીચે ઉતારવાની જરૂર નથી. પણ ડાબા હાથનાં બન્ને સ્નાયુઓ છુટાં થઈ જવાં જોઇએ કે જેથી કરીને જેમ ચોપડી નીચે પડેછે તે પ્રમાણે તે હાથ પણ અચેત અને નિર્જીવની માફક ખોળામાં ઢબ દઇને પડે. ઘણા માણસો એમ માને છે કે અમે બધા અવયવોને શિથિલ કરી શકીએ છીએ, પણ ખરી રીતે તેઓ તેમ કરી શકતા નથી; માટે આ બાબત પોતાની જાત ઉપર અજમાવવી જોઇએ અને તપાસ કરતાં એમ માલુમ પડે કે તમે તે કામ કરી શકતા નથી તો પછી તરતજ તે ઈલમ શિખવાને તત્પર થવું. કારણકે તે બાબતનો મ્હાવરો કરવાથી તમે તેમ કરતાં શીખશો અને તેથી તમારી તંદુરસ્તી અને સુખાકારીમાં બહુજ સારો ફાયદો થશે.

જે મનુષ્ય રીસાળ અને ગભરાઈ જાય એવા હોય તેમાંના ઘણા ખરા આવી શિથિલ સ્થિતિમાં સ્નાયુઓને એકદમ મુકી શકતા નથી. તેઓને તદ્દન આરામ તો મળતોજ નથી. તેમનું શરીર તંગ રહેવાથી તેમના અવયવો તદન થાકી જાય છે, અને પરિણામ દુઃખ કે દરિદ્રતામાં આવે છે.

આવા પ્રયોગો કરતી વખતે સામા મનુષ્યોને એમ જરા પણ જાણવા ન દેવું કે તમે હિપ્નોટીઝમ કે એવા બીજા કોઇ માનસિક શાસ્ત્રનો અભ્યાસ કરો છો. જાણે સામાન્ય રીતે વાત કરતા હોઇએ તેવી રીતે વાતમાંને વાતમાં આ પ્રયોગ શરૂ કરવો અને તેનો અંત પણ તેવીજ રીતે લાવવો.

પ્રયોગ બીજો.

શરીરને પાછળ ખેંચવા બાબત.

જ્યાં સુધી પ્હેલા અખ્તરામાં તમે પૂર્ણ ફતેહ મેળવી ન હોય ત્યાં સુધી આ બીજો પ્રયોગ શરૂ કરતા નહિ. તમારે અમારી સૂચનાઓ ઉપર બરાબર લક્ષ આપવું. લક્ષ નહિ આપો અને ફાવશો નહિ તો તેના જોખમદાર અમે નહિ પણ તમે છો. પ્રથમ અખ્તરામાં તમે બરાબર વિજય મેળવ્યો હશે તો આ બીજો અખ્તરો તમારે વાસ્તે બહુજ સુગમ અને સ્હેલો થઇ જશે.

બીજા અખ્તરા વાસ્તે એવો વિધેય—પાત્ર–માણસ શોધજો કે જેનો હાથ પ્હેલા પ્રયોગમાં આંગળી લેતાં ઝટ ખોળામાં પડયો હોય. બીજા શબ્દોમાં કહીએ તો જે માણસ પોતાના સ્નાયુઓ સહેલાઇથી ઢીલાં કરી શકે તેવો માણસ આ કામને વાસ્તે બહુજ ઉપયોગી ગણી શકાય. આ જણાવવાનું કારણ એજ છે કે તમે હજુ નવા શિખાઉ છો, અને તેથી આ કામમાં કાબેલ માણસ જે કામ કરી શકે તે તમે એકદમ કરી શકો નહિ; તેથીજ જે વિધેય ઉપર તમે અસર કરી શકયા હોય તેવા માણસને આ પ્રયોગને વાસ્તે શોધજો. જ્યારે તમે બહુજ કાબેલ થશો ત્યારે તમે પણ ગમે તેવા માણસ ઉપર આ પ્રયોગ બેધડક અજમાવી શકશો અને ફતેહ પણ પામશો.

વિધેયની સ્થિતિ.

વિધેયને પગ ભેગા રાખીને, માથું ઉંચું કરીને, હાથ બાજુએ રાખીને, આંખો બંધ કરીને, અને સ્નાયુઓ શિથિલ રાખીને ઉભા

રહેવાની આજ્ઞા કરો, તમારા કહેવા પ્રમાણે તે કરે છે કે કેમ તેની પરીક્ષા કરવાને તેના ખભાપર હાથ મુકીને જરા પાછો ખેંચો. સહેલાઈથી પાછો ખેંચાય તો જરૂર માનજો કે તે તમારી આજ્ઞા પ્રમાણે ચાલે છે. પણ જો તેનું અંગ અક્કડ જણાય, અને જો પાછળ ખેંચતા મુસ્કેલી પડે તો જાણજો કે તમારી સુચના પ્રમાણે તે ચાલતો નથી.

વિધેયને પછી નીચે પ્રમાણે કહેવું. " તને કાંઇ પણ અસર થાય તો તેના વિરૂદ્ધ તું પ્રયત્ન કરતો નહિ. અને કદાચ તને પડવા જેવું લાગે તો પણ તારા સ્નાયુઓને તંગ કરતો નહિં, પણ તેમની પોતાની સ્થિતિમાં રહેવા દેજે, તને હું જમીન ઉપર પડવા નહિ દઉં. તારા પડવાની હું બરાબર સંભાળ રાખીશ. માટે ફીકર રાખ્યા વગર તારૂ શરીર વળવા દેજે અને પડે તેમ પડવા દેજે.

તે પછી જો તે સ્નાયુઓને શિથિલ કરીને અને આંખ મીંચીને ઉભો રહે તો તમારી જમણી હાથેલી તેના માંથાની પાછળ મગજ નીચે રાખો, અને તમારા હાથમાં તેના માંથાને પડવા દો. હવે તમારો ડાબો હાથ વિધેયના કપાળ પર મૂકો, અને ધીમે ધીમે તેનું માથું તમારા જમણા હાથ ભણી ખેંચો. આ દરેક સમયે વિધેયને પણ હું પાછળ પડું છું, હું પાછળ પડું છું એમ મનમાં દ્રઢવિચાર કરવાનું કહેવું. આ રીતે વીસ કે ત્રીસ પળ સુધી તમારા હાથ હલાવ્યા સિવાય રાખો. અને પછી વિધેયને ધીમા પણ મક્કમ અવાજે કહો કે" જ્યારે હું મારો હાથ પાછળ ખેંચી લઇશ ત્યારે તું પાછળ પડીજ જઇશ. તારાથી પડયા વિના રહેવાશેજ નહિ. આ પછી તમારો ડાબો હાથ વિધેયના કપાળ પરથી કાન આગળ થઇને એવી રીતે ખેંચી લ્યો કે વિધેયને ખબરજ ન પડે. ત્યાર પછી તમારો જમણો હાથ પણ ધીમે ધીમે પાછો ખેંચો. પ્હેલાં તો જમણો હાથ એટલો ધીમે ધીમે ખસેડવો કે હાલે છે કે નહિ તે પણ

મુશ્કેલીથી માલૂમ પડે. તમે તમારો જમણો હાથ પાછળ ખેંચો તે વખત કહેતા જજો કે તું મારા હાથ પાછળ ખેંચાઇજ આવીશ, જો તું પડે છે, જો તું પાછળ ખેંચાય છે, એ પડયો. આ શબ્દ બોલતાંજ તે પાછળ ખેંચાશે. તે વખતે તે જમીન પર ન પડે તેની ચોક્કસ સંભાળ રાખજો કે તેને ઇજા ન થાય. તમારો જમણો હાથ જેટલો વધારે ધીમેથી તમે ખેંચશો તેટલી આ પ્રયોગમાં ફતેહ મેળવવાની વધારે ખાત્રી જાણવી. તમારી બોલવાની ઢબ ઉપર પણ આ પ્રયોગની ફતેહનો ઘણો આધાર રહેલો છે. તમે ધીમેથી પણ મક્કમપણે બોલજો. એટલે તમે જરૂર ફાવશો.

અમે ઉપર જણાવી ગયા છીએ, છતાં ફરી જણાવીએ છીએ કે તમે આ બીજો પ્રયોગ કરતા હો ત્યારે પણ હીપ્નોટીઝમ યા વિધ્યુત શક્તિ સંબંધી જરા સરખો પણ ઇસારો કરતા નહિ. તમે એક માણુસ ઉપર આ પ્રયોગમાં ફાવો નહિ તો બીજા માણસપર અજમાવજો, પણ હીંમત હારી જતા નહિ કે મુકી દેતા નહિ. આ પ્રયોગ પણ એક કે બે માણુસ ઉપર તમે સિદ્ધ કરી શકયા પછી તમને માથા કુટ નડવાની નથી. સિદ્ધિ તમારાજ હાથમાં છે. ઉપર જણાવ્યા પ્રમાણે પ્રથમ જેના હાથ એકદમ પડી જતા હતા તેવા માણસો ઉપર પ્રયોગ કરવો. તેવા માણસોમાં ફાવ્યા પછી જે હાથ ઝટ પડી ન જતા હતા તેના ઉપર પણ પ્રયોગ કરવો, અને તમે મેળવેલી કાબેલીયતને લીધે તમે આ બાબતમાં ફાવી શકાશેજ.

ઘણા લોકો એમ કહે છે કે આ બીજો પ્રયોગ હીપ્નોટીઝમના ગોળાથી પણ થઈ શકે. અમે પણ કબુલ કરીએ છીએ કે તેવા ગોળાથી આ કાર્ય સિદ્ધ થઇ શકે, પણ આ પ્રયોગમાં તે વાપરવાની અમે ભલામણ કરતા નથી, તેનું કારણ એજ કે લોકો આગળથી વેહેમાશે

કે તમે તેમના પર હીપ્નોટીઝમ કરવાના છો કે કોઈ બીજી જાદુઇ અસર કરવાના છો. તેથી તમારી સૂચનાઓ તેઓ બરાબર પાળશે નહિ, અને તેથી વિરૂદ્ધ વિચારો લાવશે તેટલે અંશે ફતેહમંદીમાં ખામી આવશે.

પણ જો તમે હીપ્નોટીઝમના પ્રયોગોજ અજમાવવાના હો અને લોકો આગળ તેના ખેલ કરી બતાવવાના હોતો તો આ ગોળો તમને બહુજ ઉપયોગી થશે કારણ કે તમારા હાથનું અને તમારી વિદ્યુત્ શક્તિનું ઘણું કામ આગળથી તૈયાર કરી રાખેલો ગોળો કરશે.

આ બીજો પ્રયોગ પણ તેજ રીતે થઈ શકે. અમે ફરીથી લાંબી રીત આપતા નથી પણ ટુંકાણમાંજ કહીએ છીએ. ઉપર જણાવ્યા પ્રમાણે સઘળી રીતનો આરંભ કરો, પણ માંથાની પછવાડે મગજના નીચલા ભાગમાં જ્યાં તમે જમણો હાથ મુકતા હતા તેને બદલે ગોળો મગજ સાથે દબાવીને રાખવો, અને ગોળો લેતાંજ વિષય પડી જશે એમ તે વિષયને સૂચના કરવી.

પ્રયોગ ત્રીજો.

આગળ ખેંચવા સંબંધી.

પહેલો અને બીજો પ્રયોગ અજમાવ્યા પછી જ આ પ્રયોગ અજમાવવાનો પ્રયત્ન કરજો. તમને ઉપર જણાવેલી પ્રથમની સુચનાઓ ધ્યાનમાં રાખવાની કદાપિ વિસરતા નહિ, આ પ્રયોગમાં તમે ફતેહ પામ્યા હોય; અર્થાત્ જેને તમે પાછળ ખેંચવા શક્તમાન થયા હોય. તેને બીજા અખ્તરામાં કહ્યું છે તેમ તેના સ્નાયુઓને શિથિલ રાખવાનું કહેજો. પછી તમારી આંગળીઓ તેમના લમણા ઉપર મુકવી. તે માણસને તમારી આંખો તરફ તેની નજર ગોઠવવાને કહેવું અને તમારે સામા માણસની બે આંખો વચ્ચેની નાકના થડ આગળની જગ્યા આ-

ગળ તમારી દૃષ્ટિ સ્થિર રાખવી. ત્યાંથી જરાકે હાલવા ચાલવા દેવી નહિ.

ઉપર અમે કહી ગયા તેમ વિષયના લમણા ઉપર તમારી આંગળીઓ રાખીને તેમજ તમારી દૃષ્ટિ તેના નાકના થડ ઉપર સ્થિર કરીને, આ રીતે ૧ મીનીટ રાખીને તમારે ધીમા પણ મક્કમ અવાજે વિષયને કહેવું. કે હવે જ્યારે હું મારા હાથ ખેંચી લેઈશ ત્યારે તું આગળ પડશે. તારાથી આગળ પડયા સિવાય રહેવાશેજ નહિ. તમારા હાથ બહુ ધીમેથી ખેંચવા અને ખેંચતી વખત પણ કહેવું " જો તું આગળ પડે છે, આ પડયો." એ શબ્દો કહેતાંની સાથેજ તે પડવા માંડશે, અને જ્યારે તે પડવા માંડે ત્યારે તેને પકડી લેવામાં બહુ સાવધ રહેવું કે રખેને તેને ઇજા થઇ બેસે.

કદાચ પ્રથમ પ્રયાસમાં નિષ્ફળ જાઓ તો આ બાબતને છોડી દેતા નહિ. કોઇ પણ ચીજ ખંત વિના સિદ્ધ થતી નથી. આ બાબતમાં વિષયને ખાસ સમજાવવું કે તમારા વિચાર વિરૂદ્ધ તે વિચારો કરે નહિ. પણ એવા વિચારો કરે કે હું આગળ પડું છું, હું આગળ પડું છું

હીપ્નોટીઝમનો ગોળો આ અખતરામાં ખાસ ઉપયોગી છે. એકલા હાથ કરતાં આ ગોળાની મદદથી આ પ્રયોગ વધારે સહેલાઇથી કરી શકાય છે. આ ગોળો અમારી પાસેથી વેચાતો મળશે.

હીપ્નોટીઝમનો ગોળો કેમ વાપરવો?

ઉપર જણાવ્યા પ્રમાણે વિષય વિરૂદ્ધ વિચાર ન કરે તે ખાસ લક્ષમાં રાખવું. અને તેની સૂચના કરવા ચુકવું નહિ. કારણ કે જ્યાં સુધી વિરૂદ્ધ વિચારો વિષયના મનમાં હશે ત્યાંસુધી તમારી આજ્ઞાની અસર બરાબર થશે નહિ, અને તમે તમારા કામમાં કદાપી ફતેહ પામશો નહિ. માટે વિષયની સામે ઉભા રહી દડામાં રહેલા સોયનાં બિંદુ ઉપર જોવાને કહો, આ પ્રમાણે તે દડો ૦ાા મીનીટ કે ૦ાાા

મીનીટ સ્થિર તેની દૃષ્ટિ સન્મુખ ઝાલી રાખ્યા પછી ધીમા પણ મક્કમ શબ્દોમાં કહો કે જ્યારે હું ગોળો પાછો ખેંચીશ ત્યારે તું પણ તે ગોળાની પછવાડે ખેંચાઈ આવીશ. હવે વિષય પાસેથી દડો ઘણો ધીમેથી ખસેડવો. અને તરતજ તે તેની પાછળ ખેંચાશે.

પ્રયોગ ચોથો.

હાથ ચોંટાડવાની રીત.

જ્યાં સુધી પ્રથમના ત્રણ પ્રયોગમાં તમે પુરેપુરી રીતે ફતેહ મેળવી ન હોય ત્યાં સુધી આ પ્રયોગનો બિલકુલ આરંભ કરતા નહિ. અને જે માણસ ઉપર ત્રણ અખ્તરા કરવામાં તમે ફતેહમંદ નીવડયા હોય તેવા માણસો ઉપર ખાસ કરીને આ ચોથો પ્રયોગ પ્રથમ અજમાવવો. જે એકદમ આગળ અને પાછળ ખેંચાતા હોય તેવા માણસને પસંદ કરો. તેને બે હાથ ભેગા રાખીને ઉભા રહેવાનું કહો, અને એક હાથની આંગળી બીજા હાથમાં ભેરવવાનું કહો. તેના હાથ સખત દાબી રાખવાની આજ્ઞા કરવી "હું મારા હાથ ગમે તેટલી મહેનતે છુટા કરી શકતો નથી" એમ તેને મોંઢેથી બોલવાને અને હૃદયથી ધારવાને કહેવું. વિષયે આ પ્રયોગ કરતી વખતે હસવું જોઇએ નહિ, તેમ આ બાબતને એક ખાલી રમત માફક ગણવી જોઇએ નહિ. તેને મનમાં દ્રઢ રીતે માનવું જોઇએ કે મારા હાથ ખરેખર બંધાઇ ગયા છે. આ વખતે પ્રયોગ કરનારે પોતાનો હાથ ઉપર મુકવો અને તેને આજ્ઞા કરવી કે તે તમારી આંખો સામે એકી ટસે જોઈ રહે. અને કદાચ તે વિષયની આંખ ફરતી રહેતો તેને ફરીથી તમારી આંખમાં નજર રાખવાને આજ્ઞા કરવી. અને તમારે તેના નાકના થડ આગળની જગા વચ્ચે તમારી નજર સ્થિર રાખવી. જ્યાં સુધી આ પ્રયોગ તમે કરતા હો ત્યાં સુધી તમારી દૃષ્ટિ તે જગ્યાએથી જરા પણ ખસેડવી

નહિ. આ પછી તમારે નીચેના શબ્દોમાં વિધેયને ધીમા અવાજે કહેવું.

"જો તારા હાથ ચોંટી ગયા છે, તું તેમને ખસેડી શકીશજ નહિ, ગમે તેટલી મહેનત કરવા છતાં તારા હાથ જુદા પડી શકશે નહિ. તારી હીંમત નથી કે તું તેમને જુદા પાંડી શકે."

આ સઘળો વખત તમારે તે વિધેયના બે હાથ ઉપર તમારો જમણો હાથ ધીમે ધીમે ગોળ ફેરવવો અને વખતે શ્હેજ દાબવો, અને પછી પોતાનો હાથ ખસેડી લેવો. તમારો હાથ ખસેડી લીધા પછી પણ ઉપર પ્રમાણે સૂચનાઓ આપ્યાજ કરવી જેથી સૂચનાનું બળ વધશે. અને તમારૂં જોર કાયમ રહેશે અને તમારો અવાજ ધીમે ધીમે વધારતા જવું, અને તે સાથે એકાગ્ર શક્તિ પણ વધારવી કે જેથી તમારા આત્મ બળથી બોલાયેલા શબ્દો વડે ધારેલું પરિણામ આવી શકશે આ પછી તે વિધેય પોતાના હાથ ગમે તેટલી મહેનત કરવા છતાં છુટા પાડી શકશે નહી.

આ પ્રયોગની અસર કેમ દુર કરવી.

જ્યારે વિધેય ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પોતાના હાથ છુટા પાડી શકે નહિ ત્યારે તમારે એકદમ તાળી પાડવી, અને " જાગૃત થા, સાવધ થા, હુશીઆર થા " એવા શબ્દો બોલવા. અને આ પ્રમાણે વારંવાર બોલવાની સાથે તાળીઓનો અવાજ કર્યાજ કરવો. આથી તે પ્રયોગની અસર ઝટ દૂર થઈ જશે.

કદાચ તે વિધેયના હાથ એકદમ વિખુટા ન થાય તો તેને તમારા હાથમાં લેવા, જરા દાબવા, અને વિધેયને સૂચના કરવી કે " મારા હાથ ઝટ છૂટા થાઓ " એમ વિચાર કરે અને કહેવું કે હું એક બે ત્રણ ગણીશ ત્યારે તારા હાથ છુટા થઇ જશે. આમ કહેવાની સાથેજ તાળી પાડવી. અને " જાગૃત થા, સાવધ થા, હુંશીઆર થા ' એવા એવા શબ્દો ફરી ફરી બોલવા. આમ કરવાથી જરાવારમાં તેના હાથ તાબડતોબ છુટા થઇ શકશે.

હવે કરવું શું?

જ્યારે આ પ્રમાણે તમે ચાર પ્રયોગોમાં સંપૂર્ણ ફતેહ પામ્યા ત્યારે હવે પ્રથમ પ્રયોગ અજમાવવાની જરૂર નથી. કારણ કે હવે તમે ઘણી સહેલાઇથી ગમે તે માણસ ઉપર બીજો અખ્તરો જરૂર અજમાવી શકશો પણ આ બધુ કામ ધીમે ધીમે કરવું. આ રીતે તમે વખત જતાં, અને જુદા જુદાં માણસો ઉપર પ્રયોગ કરતાં એવા અનુભવી અને કાબેલ થશો કે એકદમ તમે હાથ ચોંટાડવાનો ચોથો પ્રયોગ પણ કરી શકશો. ચોથા પ્રયોગમાં ફતેહ પામ્યા, એટલે તમારા શરીરની અંદર રહેલી વિદ્યુત્ શક્તિમાં અને તમારા આત્મબળમાં તમારો વધારેને વધારે વિશ્વાસ આવશે અને તમે ગંભીર અને અઘરા પ્રયોગો અજમાવવાને વાસ્તે પણ તત્પર થશો. આ તેમજ દુનિયાના બીજા દરેક કાર્યમાં મહાવરાની અને ખંતની કીંમત છે. ઘણા પુરૂષો ઉપર પ્રયોગ કર્યા સિવાય, અને ખંતીલાપણું જારી રાખ્યા સિવાય આ કાર્યમાં મોટી સિદ્ધિ મળી શકે નહિ. અને આ રીતે બીજા મનુષ્યોને અસર કરવાનો ઉમદા ગુણ મેળવવો હોય તો તેને વાસ્તે આટલો વખતનો ભોગ આપવોજ જોઇએ. અને પ્રથમ પ્રયાસે ફતેહ ન મળે તો મુકી દેતા નહિ, પણ ફરી ફરીને પ્રયત્ન કરતાજ રહેજો. અને છેવટે વીજય તમારોજ છે, વિજય, વિજય, વિજય–નક્કી તમારે વાસ્તે વિજયજ છે. આત્માની શક્તિમાં વિશ્વાસ રાખો અને ખાત્રી રાખો કે તમારો સર્વથા વિજય છે.

વિષેય કેમ મેળવવા?

ઉપર પ્રમાણે પ્રયોગો કરી શકાય અને ફતેહ મેળવી શકાય તે વાત ખરી છે, પણ કોઇ એમ પુછે કે આ પ્રયોગોને વાસ્તે વિષેયો કેવી રીતે મેળવવા?

જો પ્રથમ પ્રયોગ કરવાને વાસ્તે પણ તમને યોગ્ય પાત્ર–વિષેય

ન મળી શકતો હોય તો જ્યારે તમારા મિત્ર મંડળમાં તમે બેઠેલા હોય ત્યારે નીચે પ્રમાણે વાત કરો, અને અમે ખાત્રીથી કહીએ છીએ કે તમને ઘણા વિધય મળી આવશે. તમારા મીત્રોને એમ કહો કે સ્નાયુઓ શિથિલ-મંદ હોય એવી સ્થિતિમાં રાખવું એ ઘણું મુશ્કેલ છે, ઘણાક માણસો ધારે છે તેટલું તે સહેલું નથી. વળી એ સાથે એવી પણ વાત કરવી. જો કે આ વાત ખરી છે-કે જે માણસના શરીરના સ્નાયુઓ બહુજ તંગ-ટાઈટ રહે છે તે માણસ વિશ્રાંતિ આરામ મેળવી શકતો નથી. અને તેથી તંગ સ્નાયુઓ રાખનારને જેટલા સમયમાં આરામ મળે છે તેના કરતાં શિથિલ સ્નાયુઓ કરનારને ઘણા થોડા વખતમાં તેટલીજ વિશ્રાંતિ મળે છે. ઉંઘમાં સ્નાયુઓ બહુજ શિથિલ હોય છે તેથી વિશ્રાંતિ આરામ બહુ મળે છે, અને તેજ પ્રમાણે જો તમે દિવસમાં થોડો વખત પણ તમામ શરીરના અવયવો શિથિલ રાખી શકો તો તમારૂં શરીર બહુ ઘસારો કદાપી ન પામે અને લાંબા વખત સુધી ટકી શકે. આવી લાંબી વાત કરીને કહેવું કે તમારામાંના ઘણા ખરા ધારતા હશો કે અંગને શિથિલ કરવાનું કામ ઘણું સ્હેલું છે, પણ તેમ નથી. જો તમને એમ લાગતું હોય તો આપણે તે બાબત પ્રયોગ કરીએ. પછી તેમને જમણા હાથને ડાબા હાથની આંગળીપર મુકવાનું કહો અને દરખાસ્ત કરો કે તમારા હાથના સ્નાયુઓને શિથિલ કરો કે જેથી આંગળી ખસેડતાં તમારો હાથ ભોંયપર પડે.

આ વાતને સિદ્ધ કરવાને ચોપડીનો દાખલો આપો. તેમને જણાવો કે આંગળીના છેડા ઉપર રાખેલી ચોપડી આંગળી ખસેડતાં જમીનપર પડે છે, તેમ તમારો હાથ પણ જમીનપર આંગળી ખસેડતાં પડવો જોઇએ, અને જો હાથ જમીનપર ન પડે તો એમજ માનવું કે તમને હજુ સ્નાયુઓને સ્થિલ કરતાં આવડતું નથી, અને તેથીજ

સ્નાયુઓ શિથિલ હોય તેવી સ્થિતિમાં તમારા શરીરને તમે મુકી શકતા નથી, અને તેથીજ આરામનો ખરો લાભ તમે મેળવતા નથી.

બીજા અખ્તરાને વાસ્તે વિધેય.

આ પછી એમ જણાવવું કે જેઓ પ્હેલો અખ્તરો કરી શક્યા તેઓ બીજો પણ કરી શકશે, એમ કહીને પીઠ ભણી ખેંચવાનો બીજો અખ્તરો ઉપર જણાવ્યા પ્રમાણે અજમાવવો, અને વિધેય પાછળ પડે તે માટે "હું પાછળ પડું છું" એવી તેના મનમાં વૃત્તિ કરાવવી, એ તમારી અક્કલ અને હોંશીઆરીનું કામ છે, જોષી પરણાવી આપે, પણ ઘર ચલાવવાનું કામ તમારા હાથમાં છે,

આ પછી જેઓ બીજા અખ્તરામાં ફતેહમંદ થયા હોય તેના પર ત્રીજો અખ્તરો અજમાવવાની દરખાસ્ત કરો. આ બધા સમય યોગ શાસ્ત્ર કે હીપ્નોટીઝમ આદિની વાત સરખી પણ કરતા નહિ. જેના ઉપર તમે ત્રીજો પ્રયોગ કરી શક્યા તેને ચોથાને વાસ્તે તૈયાર કરવો એમાં વધારે હીકમતની જરૂર નથી. તમે આવું કામ કરી શકો છો એવો તેના મનમાં દૃઢ વિશ્વાસ થશે, અને તમારૂં કામ સુગમ થશે.

હવે એકજ અગત્યની બાબત આ સંબંધીમાં રહે છે, અને તે તમારા અવાજ સંબંધી છે. અમે એટલી બધી વાર લખી ગયા છીએ. પણ અગત્ય હોવાથી ફરીથી જણાવવાની રજા લઇએ છીએ કે તમારો અવાજ જેમ બને તેમ ધીમો પણ મક્કમ હોવો જોઇએ: અને આવો અવાજ કેળવવાને વાસ્તે તમારે એક શાંત ઓરડામાં જઇ જે સૂચનાઓ તમારે આપવાની હોય તેવી સૂચનાઓ બોલવાની ટેવ પાડવી.

અને છેવટમાં એજ કહેવાનું કે કદાપિ હીંમત હારતા નહિ અને ખંત છોડતા નહિ. અને દુનિયાના વ્યવહારમાં ગમે તેવા માણસ પર તમે બહુજ સારી અસર કરી શકશો. તે તમારે વશ થશે. તેનું મન તમારે આધીન થશે. આ પછી બીજા ઘણા પ્રયોગો કરવાનાછે, પણ

તે સંબંધી હકીકત બહુજ ગુપ્ત હોવાથી, અમે આ પુસ્તકમાં પ્રસિદ્ધ કરતા નથી. જે માણસોએ ચારે પ્રયોગનો બરાબર અભ્યાસ કર્યો હોય, અને તે પ્રમાણે પ્રયોગ કરી શકતા હોય તેઓએ અમને ખાનગીમાં મળવું અથવા કાગળ મારફતે લખવું, તેમને અમે આગળના પ્રયોગો શિખવીશું, પણ તે તેમને ગુપ્ત રાખવા બંધાવું પડશે, પરંતુ જેમણે આ ચાર અભ્તરાઓમાં સિદ્ધિ ન મળી હોય તેમણે લખવાને તસ્દી લેવી નહિ. આગળના પ્રયોગો એવા છે કે યોગ્ય અધિકારી સિવાય આપવામાં બહુ જોખમ રહેલું છે, માટે પાત્ર કુપાત્રનો યોગ્ય તપાસ તથા વિચાર કરી અમે તે જણાવીશું. માટે પ્રથમ તો આ ચાર પ્રયોગોને સિદ્ધ કરવા બનતો પ્રયાસ અને ખંત કરો. આ ચાર પ્રયોગો જો કે તમને નજીવા જેવા લાગે છે, છતાં તેમાં પણ તમને ફતેહ પુરેપુરી મળી તો જાણવું કે તમારી વિદ્યુત્ શક્તિ અને આત્મબળ બહુજ ઉચ્ચપ્રકારનાં ખીલેલાં છે. તમારામાં તમે કદાપિ પ્રથમ નહિ અનુભવેલી શક્તિઓ જાગૃત થયેલી તમને માલૂમ પડશે, અને તમે જે દીવસે આ પ્રયોગોનો આરંભ કર્યો તે દિવસને તમે તમારા જીવતરમાં ધન્ય માનશો, અને આ વિદ્યા શિખવનારનો કદાપિ ઉપકાર ભુલશો નહિ, વધુ લખવું નિરર્થક છે. અજમાવી જુઓ, અને તમને ખાત્રી થશે. પ્રયત્ન કરી જુઓ, અને ફતેહ મળશે. કેરીનો રસ સ્વાદ ચાખ્યાથી જણાય. તેમ આવા પ્રયોગોની ખુબી અનુભવવાથી જણાય. બાકી વાંચી ગયાથી ઝાઝો લાભ નથી. જો કે વાંચવાથી પણ એટલું તો તમને ખબર પડે કે આત્મામાં આવી શકિતઓ રહેલી છે. અને તેથી કોઇ દિવસ પણ તે અજમાવવાને મન દોરાય. માટે હવે સમય નહિ ગુમાવતાં આ બાબતનો આરંભ કરો અને તમને વિજય મળશે, નિશ્ચિત મળશે. કારણ કે તમારો અને અમારો આત્મા સત્તામાં સરખા હોવાથી તમે પણ અમારી માફક ફતેહ મેવળશો.

ફ્રેનોલોજી.

અથવા.

મસ્તક વિદ્યા.

ફ્રેનોલોજી અથવા તો મસ્તક વિદ્યાની શોધ ઘણા જુના વખતથી થયેલી હોવી જોઇએ, કેમકે કેટલાંક સંસ્કૃત ગ્રંથોમાં પણ એ વિદ્યા સંબંધી લખેલું જોવામાં આવે છે અને જેમ કેટલીક અસલી કળાઓ તેમજ **મેસમેરીઝમ હીપ્નોટીઝમ** જેવી બાબતો કે જે ઘણાક જુના કાળથીજ હીંદુસ્તાનમાં અને બીજા અસલી દેશોમાં હયાત હતી અને તેનો પશ્ચીમના વિદ્વાનોએ અભ્યાસ કરી સમયાનુસાર સુધારો વધારો કરી આપણી સન્મુખ અજબ અખતરાઓ કરી બતાવી તથા પુસ્તકો મારફતે બહાર પાડી છે. તેમજ ફ્રેનોલોજી યાને **મસ્તક વિદ્યાંના** પણ અસલી પુસ્તકોનો અભ્યાસ કરી તેના સેંકડો અખતરાઓ કરી એ કળા પણ આપણી નજર આગળ અજબ રીતે રજુ કરી છે.

જુદા જુદા સ્વભાવના માણસોના સમાગમમાં આવતાં આપણે તેમના માંથામાં અને ચેહેરામાં જે જે ફેરફારો જોઈ શકીયે છીએ. કોઇનું કપાળ બહાર તરી આવેલું તો કોઇનું સીધું સપાટદાર, કોઈનું માથું પોહોળાઈમાં વધારે તો કોઈનું ઉપરથી બેઠું વીગેરે તેમજ દરેક જણના જુદા જુદા સ્વભાવ પણ જણાઈ આવે છે. એટલે કોઈને ખાવા પીવા પર ઘણો શોખ તો કોઇને તે ઉપર અભાવ, કોઇને બચ્ચાં ઉપર પ્યાર તો કોઇને તેનો કંટાળો તે ઉપરાંત ધંધાની બાબતમાં કેટલાક અમુક ધંધા ઉપર પ્રીતીને કોઇને અપ્રીતી વીગેરે. ત્યારે આ બધી જુદી જુદી ખાસીયતો હાવ ભાવ, અને ચાલ ચલગણો ઉપરથી વિદ્વાનોએ જુદા જુદા સ્વભાવવાળાઓની પરિક્ષા કરી માંથાના જુદા જુદા અંગો અને ભાગલાઓ પાડયા છે, અને તે જુદા જુદા ભાગોને અમુક ચીજની વલણ બતાવી તે મુજબનાં તેમને નામ આપેલાં છે.

આ મુજબ વિદ્વાનોએ માંથાના સાત ભાગો પાડી તેમાં ચાલીસ વિભાગો કર્યા છે, અને તેમને જુદાં જુદાં નામો આપેલાં છે. એ સાત ભાગોમાં માંથાની પાછલી બાજુના અને ચોટલી ઉપરના ભાગો જુદા જુદા પ્યાર બતાવે છે. જેવા કે સ્વદેશ તરફ, બૈરી તરફ, મીત્ર પ્રત્યે, વીગેરે, તેની ઉપરના અને ચોટલીની બાજુના ભાગોમાં અભીમાન, ખંતીલાઇ, ઠાઠ માઠનો ચાહ, વીગેરે જણાય છે. તેની જરાક ઉપર તાળવા પરના ભાગોમાં દ્રઢતા ભક્તી ભાવ, દાનત, ઇનસાફ, આશા વીગેરેની શક્તીઓ જણાય છે. તેની આગળ અને કપાળની બાજુએ વીચિક્ષણ બુદ્ધિ, પરોપકાર દયા, વીગેરે બાબતો સમાયલી છે. એની નીચે ભવાં ઉપર કલ્પના અને અવલોકન કરવાની શક્તીઓ આવેલી છે. કાનની આજુબાજુ એવી મતલબની શક્તીઓ મુકાયેલી છે, જેવી કે ખાવું પીવું, કરકસર, યોજના, અમલ, જીવવાની ઇચ્છા વીગેરે. અને તેની જરાક ઉપર વીચાર શક્તી, પંડીતાઇ, ખુસાલી, વીગેરેનાં ચીન્હ સમાયેલાં છે.

હવે આ બધી શક્તીઓ તરફ આપણે કુદરતી રીતે દોરવાઇએ છીએ. દાખલા તરીકે બૈરીઓનું માથું હમેંશાં લાંબું હોઇ ચોટલી આગળથી બહાર નીકળેલું હોય છે, તે તેણીઓનો ઘર તરફનો અને છોકરાં પ્રત્યેનો પ્યાર દેખાડે છે, અને તેઓ પણ કુદરતી રીતે ત્યાં અંબોડો વાળે છે, પણ સાધુઓ માંથાના ઉપર વાળનું ગુંછળું કરે છે, કેમકે તેમનામાં પરમેશ્વર યાને ઇશ્વર ભક્તી તરફ ઘણો ભાવ હોવાથી તેમનું માંથું પણ તાળવા આગળ ઉપસેલું હોવાથી તેઓ પણ કુદરતી રીતે ત્યાંજ વાળનું ગુછળું યાને અંબોડો વાળે છે. તેમજ કોઇને આશીર્વાદ દેવો હોય તો **માંથાના મધ્ય ભાગે** એટલે **તાળવા** ઉપરજ **હાથ** મુકીને દેવામાં આવે છે. અને વળી આપણે કોઈ દુઃખીને જોઇએ છીએ ત્યારે કહી બતાવીએ છીએ કે બીચારાંના **ભાગ્યમાં** અક્કલ નથી તે વખતે તેના **કપાળ** તરફ આંગળી બતાવીએ છીએ. કેમકે ત્યાંજ વિચક્ષણ બુદ્ધિ સમાયેલી છે.

હવે આપણે બીજી બાબત લઇએ. પશ્ચિમ તરફના વિદ્વાનોને અહીંના ધનવાનોની માફક તુચ્છકાર મળતો નથી. પણ ઉલટી મદદ મળે છે. અને તેથી તેઓ વધારે દ્રઢતાથી પોતાની શોધ ખોળમાં મચ્યાજ રહે છે. અહીં જો મારા જેવો એક સાધારણ માણસ ગમે તેવા શ્રીમંતને એમજ કહે કે શેઠ જો આપ થોડીક મદદ આપો તો હું ફલાણી બાબતમાં વધારે શોધખોળ કરૂં તો શેઠ મદદ કરતા તો મરે પણ બે ચાર ગાળ પણ ચોપડાવી દે ને વળી કહે કે કર્યું કર્યું તારા બાપનું કપાળ! હજી ઉગે છે તો હવે ને વળી આભલા સાથે બાથ બીડવા નીકળ્યો છે તે કરીને, આમ કરી શેઠ ખસી જાય. પરન્તુ યુરોપમાં તેમ નથી. ત્યાં તો નજીવી શોધ કરનારને પણ પુષ્કળ મદદગારો મળે છે ને તેથીજ તે લોકો આજકાલ ફાવી શકયા છે. આ વિદ્યાની આટલી શોધ કરીને પણ હજી તેઓ બેસી રહ્યા નથી. પણ તે તરફના લોકોમાં તેઓએ હજારો અખ્તરા કરી છેવટે મેડ હાઉસોમાં પણ જાતે જઈ અનુભવ મેળવીને આ બાબત ઉપર પુષ્કળ અજવાળુ પાડી શકયા છે. અને તેઓ છેવટ એવા અનુમાન ઉપર આવ્યા છે કે જેમ એક માણસનું માથું મોટું અને ભરાવદાર તેમ તેનામાં અક્કલ વધારે. વળી તેઓએ અસલના તેમજ હાલના મહાન નરોના દાખલાઓ આપી દાખલા દલીલથી એ પુરવાર કર્યું છે. તેમણે આપેલા હેવાલો ઉપરથી માલમ પડે છે કે મોટા મહાન નરોના માંથાઓની આસપાસનો ઘેરાવો ૨૨॥ થી ૨૫ ઇંચનો હતો, તેમજ ભવાં ઉપર થઇને બંન્ને કાનના મધ્ય બીંદુ સુધી ૧૩ થી ૧૪ અને તાળવાની ચોટલી આગળથી બંન્ને કાન સુધી ૧૪ થી ૧૫ ઇંચનો તફાવત હોય છે.

કોઇ કોઈ વખતે ન્હાના માંથાવાળાઓ પણ ચપળને હોંશીયાર નીકળે છે, પરંતુ તોઓની હોંશીયારી અને ચપળાઈ તેમને નીમી આપેલા રોજીંદા કામ ધંધામાં સમાયેલી હોય છે. પણ તેઓ બીજી કોઇ

પણ બાબતમાં મગજ ચલાવી શકતા નથી. કોઇને સંસાર વ્યહવારનું જ્ઞાન હોતું નથી તો કોઈ કુદરતતી પરિક્ષા કરી શકતો નથી. વળી કોઈ તો પોતે ગમે એવો હોંશીયાર અને બાહોશ છતાં સાધારણ બાબત પણ સમજી શકતો નથી. એક વખત મેં એવા એક માણસને જોયો હતો કે જે પોતે ગમે તેવો બાહોશ હોવા છતાં સાધારણ બાયસીકલ કેમ ચાલે છે તેની પણ તેને સમજણ પડતી નહોતી.

કોઇ કહેશે કે એમ જો મોટા માંથાવાળાજ હોંશીયાર પાકતા હોય તો કેટલાક મજુરો અને મુર્ખાઓ પણ મોટા માંથા વાળા હોય છે તેનું કેમ? કારણ સેહેલું છે કે માંથુ ભલેને ભરાવદાર કુદરતે કર્યું, પણ તેને તમારે ચીવટથી કેળવવું જોઇએ, કે જેવી જોગવાઇ તે લોકોને હોતી નથી. તેમ તેની આસપાસના સંજોગો અનુકુળ હોતા નથી, વળી કોઈ ન્હાના માંથાવાળા માણસને સોંપેલું કામ ચાલાકીથી કરી શકતો નથી ત્યારે મોટા માંથાવાળો માણસ આપણું સોંપેલું કામ જો કે તે બરાબર સમજી શકયો નહીં હોય તો પણ તે ઘણીજ હોંશીયારીથી બજાવી શકે છે. પણ વળી એટલું ધ્યાનમાં રાખવાનું છે કે મોટા માંથા સાથે અંગ પણ કદાવર અને ભરાવદાર જોઇએ. નહીં તો તે એક મોટા એન્જીન અને ન્હાના બૅાયલરની બરાબર છે. ન્હાનાં અંગ સાથે મોટું માંથું ટકી શકતું નથી, અને એવા માણસો હદ બહાર ભેજાની મેહેનતમાં પડે છે અને તેથી અંગ તવાઈ તવાઈને જીવલેણ દરદોના ભોગ થઇ પડે છે.

હવે આપણે એ બાબતને છોડો. અને આખા શરીરના જ્ઞાન તંતુઓનો સંબંધ મગજના પ્રથક પ્રથક વિભાગમાં રહેલો છે. તંતુઓના એવા સંબંધ સ્થાનને **નર્વસ સેન્ટરો** કહે છે—એ સ્થાન જેટલા પ્રમાણમાં સબળ અથવા નિર્બળ હોય છે, તેટલાજ પ્રમાણમાં જ્ઞાન તંતુઓ સબળ અથવા નિર્બળ હોય છે. આવી રીતે અમુક વસ્તુનું

જ્ઞાન તે સ્થાનદ્વારા આત્મા અનુભવી શકે. નહીં તો તે વસ્તુના જ્ઞાનને મેળવવા કરેલા તમામ પ્રયત્ન વ્યર્થ જાય છે. ગમે તેવો બુદ્ધિશાળી કારીગરી હોય, છતાં જેના વડે તેને પોતાનું કામ કરવું હોય તે હથિઆર જો ખરાબ હોય તો તેની બુદ્ધિ કેવળ વ્યર્થ જાય છે. પરિક્ષામાં સર્વોત્તમ રીતે સફળ નિવડેલો એન્જીનીયર બગડી ગયેલા સંચાથી કાંઇ પણ કામ કરી શકતો નથી. તેવી રીતે સ્વયંપ્રકાશ જ્ઞાન રૂપ આત્મા જે મગજદ્વારા જગતમાં વ્યહવાર કરે છે તે મગજ નિર્બળ હોય તો પોતે સંસારમાં કાંઈ કરી શકતો નથી. જીવ જે કાંઇ કાર્ય કરે છે તે સર્વ મગજદ્વારા કરે છે, એ વાત હાલના સાયન્સથી સાબીત થઇ ચુકી છે. અને જે હથિઆર ઇશ્વરે આપણા માટે સાફસુફ કરી તૈયાર રાખ્યું હોય તે હથિયારને વાપરવાનું મુકી દેતાં આપણે સ્વચ્છંદે નવું હથિયાર ઉપસ્થિત કરવાનો ફાંકો રાખી આપણા દુરાગ્રહમાં મંડયા રહીએ તો જો કે આત્મબળની અનહદ સત્તા હોવાથી અંતે આપણે વસ્તુની પ્રાપ્તી કરી શકીએ એ નિર્વિવાદ છે, છતાં સુલભ્ય વસ્તુથી થતો લાભ એક વેળા ખોઇએ છીએ અને તેને બદલે દુર્લભ્ય વસ્તુને લભ્ય કરવામાં લાંબા વખતનો વ્યય કરીએ છીએ. આવો કાળનો વ્યય આજકાલ આપણા દેશમાં ઘણોજ થવા લાગ્યો છે. ભણવાનું જ્યારથી શરૂ થયું છે ત્યારથી ભણતરને નોકરીને અર્થેજ છે એવા વિચારે ઘણાકોનાં મગજમાં ઉંડા મુળ ઘાલ્યાં છે. અને વળી ઘેલાં ગાંડા મા બાપ સત્તા અને પૈસાના લોભથી લલચાઇ પોતાના છોકરાની સ્વભાવિક શક્તિ શેમાં વિશેષ ખીલી નીકળવાની છે. એનો પોતાના અનુભવથી અગર મસ્તક વિદ્યાના જ્ઞાનવાળા વિદ્વાન પાસેથી નિર્ણય કરાવ્યા વગર માત્ર નોકરીના છંદમાંજ દોરે છે. અને ઉપર બતાવી ગયા તેમ બાપડા બાળકના જન્મનો અને સૂક્ષ્મ દ્રષ્ટીએ વિચારતાં આખા જગતના અમુલ્ય વખતનો તથા શક્તિનો નિરર્થક વ્યય કરે છે. એવો વ્યય થતો બચે એવા

ઉચ્ચ ઉદ્દેશથી આપણા દેશમાં પુરાતન કાળમાં એક અતિ કિમતી વિદ્યાનો પ્રચાર ચાલી રહ્યો હતો અને તે વિદ્યાના ઇસારા સંસ્કૃતમાં સ્થળે સ્થળે માલૂમ પડે છે. એ બાબત આપણે પ્રથમ જણાવી ચુક્યા છીએ. લગ્ન કરવાની બાબતમાં પણ આ વિદ્યા ઘણો ઉપયોગી ભાગ બજાવી શકે તેમ છે. આગળના આર્યો લગ્નના સંબંધમાં પ્રથમ વેવીશાળ કરીને વર કન્યાને સર અવસરે એક એકના સમાગમમાં બાળપણથી લાવતા અને તે ઉપરથી તેમના સ્વભાવ એક બીજાને ગમતા થઇ પડશે કે નહીં તેની કસોટી વૃદ્ધ માત પીતાઓ જોઇ લેતા. જો કદાપી તેમાં વર વાંધો દેખાય તો કોઈ પણ રસ્તે તે વીવાહ ફોક કરી નાંખતા. પરંતુ હાલ તે ઉદ્દેશ બદલાઈ ગયો છે. અત્યારે તો બસ જાહેર કરો કે બી. એ થયો છે. પછી જુઓ કેટલાં માગાં આવે છે ? અને કેટલી કેટલી પેહેરામણીઓ થાય છે તે ! જ્યાં ત્યાં ભણેલો ગણેલો ને શોભન સાભણનું પુતળું મળ્યું કે બેડો પાર ! છોકરાને નહીં સંસાર વ્યવહારનુ જ્ઞાન કે છોકરીને કેળવણીનું ભાન !

અંતે આવા લગનનોથી પરીણામ શું નીપજે છે એ દર્શાવવાની અત્રે જરૂર નથી. છોકરીનું માંથુ જો બધી બાજુથી ખીલેલું અને કેળવાયેલું હોય તો તેની સાથે છોકરા ન્હાનું અને એકજ ભાગમાં ખીલેલું. (તે બી એ. થઈ શકે તેટલુંજ) જો છોકરી કેળવણી અને હુન્નરની શોખીન હોય ત્યારે છોકરો તેથી ઉલટાજ ખવાસનો. પછી જુઓ અરસપરસની તકરારો અને મારામારીઓના રોજના ભવાડા !

ડૉકટર **ફૂટન** કહે છે કે મોટાં ભરાવદાર માંથાનો માણસ જે તે એક ચીજપર ધ્યાન લગાડીને બેસતો નથી. તે જાણે તમામ દુનિયાના હુન્નરો શીખવાનો શોખ ધરાવતો હોય તેમ દરેક બાબતનો અભ્યાસ કરે છે અને દરેક હુન્નરો ઘણી સહેલાઇથી શીખી શકે છે.